**ક્રિમી.કેસ.નંબર :૭૭૧/૨૦૨૫.**

કેસ દાખલ તારીખ : ૧૪/૧૦/૨૦૨૫.

રજીસ્ટર કર્યા તારીખ :૧૪/૧૦/૨૦૨૫.

નિકાલ કર્યા તારી ખ : ૦૬/૦૬/૨૦૨૬.

અવધિ : ૦૦ વર્ષ ૦૭માસ ૨૩ દિવસ

**આંક :–**

**ફોર્મ– એ**

| |
|---|
| **મહેરબાન ભાભરના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**<br>**મું: ભાભર.** |
| **ચુકાદાની તારીખ :– ઉપર મુજબ...**<br>**ફોજદારી કેસ નં. :– ૭૭૧/૨૦૨૫.**<br>**ભાભર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૫૦૦૭૨૫૦૨૧૧/૨૦૨૫.**<br>**ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન(અમેન્ડમેન્ટ એકટ, ૨૦૧૭)નો અધિનિયમ**<br>**ક્રમાંક – ૯ થી સુધારેલ (અમલ તા.૧૯/૧૨/૨૦૧૬) ની કલમ–૬૫ એફ મુજબ....** |

| | |
|---|---|
| **ફરીયાદી :–** | **શ્રી સરકાર** |
| **રજુ મારફતે :–** | વિ.એ.પી.પી.શ્રી એ.જે.ઠાકોર. |
| **આરોપી :–** | **બળવંતભાઈ ઉર્ફે બલાજી ધારશીજી ઠાકોર,**<br>રહે–વજાપુર જુના, તા.ભાભર,જી.બનાસકાંઠા. |
| **રજુ મારફતે :–** | વિ.વ.શ્રી વી. સી.રાઠોડ |

**ફોર્મ–બી**

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૩૦–૦૩–૨૦૨૫. |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | : | ૩૦–૦૩–૨૦૨૫. |
| આખરી અહેવાલની તારીખ | : | ૩૦–૦૫–૨૦૨૫. |
| તહોમતનામાની તારીખ | : | ૦૨–૦૫–૨૦૨૬. |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૨૦–૦૫–૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | ઉપર મુજબ. |
| ચુકાદાની તારીખ | : | ઉપર મુજબ. |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | : | –– |

**–:: ઠ રા વ ::–**

(૧)... ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના તહોમતદારે પોતાના કબજા ભોગવટાના રહેણાંક ઘરની બાજુમાં ખુલ્લી ગેલેરીમાં રાખેલ સ્ટીલનું દેગડું નંગ-૧માંનો વોશ લીટર-૨૦ જેની કિ.રૂા.૫૦૦/- નો મુદામાલ ગેરકાયદેસર અને વગર પાસ પરમીટ નો રાખી પોલીસ રેઈડ ઘરે હાજર ના મળી આવી, ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ -૬૫ એફ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવા બાબતે આ અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨)... આરોપી કોર્ટમાં હાજર થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ (બી.એન.એસ.એસ ની કલમ ૨૩૦) અન્વયે પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડેલ છે અને વિચારણા માટે યોગ્ય સમય આપ્યા બાદ આરોપી સામે **આંક-૦૫ થી** ઉપરોકત ગુન્હાનું તહોમતનામું કોર્ટ દ્વારા ફરમાવી સદરહુ તહોમતનામું આરોપીને વાંચી- સંભળાવી,આરોપીની સદરહું તહોમતનામા અંગે **આંક-૦૬** લગત પ્લી રેકર્ડ કરવામાં આવેલ જેમાં, તેમણે ગુનો કબુલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલ છે.જેથી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩)...આ કામે ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**-: <u>મૌખિક પુરાવો</u> :-**

| અ.નં | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | પંચ - ઘનશ્યામભાઈ મનસુખલાલ ઠકકરની જુબાની, | ૦૮ |
| ૨ | પંચ -બલરામભાઈ કેસાભાઈ ઠાકોરની જુબાની, | ૧૦ |
| ૩ | ત.ક.અ - જયંતીભાઈ પ્રતાપજીની જુબાની, | ૧૧ |

**-: <u>દસ્તાવેજી પુરાવો</u> :-**

| અ.નં | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | મુદ્દામાલ રીકવરી પંચનામુ | ૦૯ |
| ૨ | ફરીયાદીની ફરીયાદ | ૧૨ |

આ કામે ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવાઓના અંતે ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ફરિયાદપક્ષે રજુ થયેલા પુરાવાઓનો ઈન્કાર કરી મુખ્યત્વે ઈન્કારીયતનો બચાવ લઈ પુરાવાઓ ખોટા હોવાનું અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.આરોપી એ સોગંદ ઉપર પુરાવાઓ આપેલ નથી કે બચાવના સાહેદો તપાસેલ નથી.

(૪)....ત્યારબાદ ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે ફરીયાદપક્ષ પોતાનો નિ:શંકપણે પુરાવો રજુ કરેલ હોઈ આરોપીને કાયદામાં ફરમાવેલ સખતમાં સખત સજા કરવા જણાવેલ છે.

(૫)....બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી.તેઓએ જણાવેલ છે કે હાલના કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો જોતાં આરોપીને હાલના ગુના કામે સાંકળી શકાય તેમ જણાઈ આવતું ન હોઈ નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬)...સદરહુ કેસના ન્યાયીક નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**મુદાઓ :–** ૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબીત કરે છે કે, આ કામના તહોમતદારે પોતાના કબજા ભોગવટાના રહેણાંક ઘરની બાજુમાં ખુલ્લી ગેલેરીમાં રાખેલ સ્ટીલનું દેગડું નંગ–૧માંનો વોશ લીટર–૨૦ જેની કિ.રૂા.૫૦૦/– નો મુદામાલ ગેરકાયદેસર અને વગર પાસ પરમીટ નો રાખી પોલીસ રેઈડ ઘરે હાજર ના મળી આવી, ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ –૬૫ એફ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭)...ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**નિર્ણય :–** ૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**–:: નિર્ણય માટેના કારણો ::–**

**મુદા નં. ૧ ની ચર્ચા :–**

(૮)....આપણી ફોજદારી ન્યાય વિતરણ પધ્ધતિ મુજબ પ્રોસીકયુશન પક્ષે આરોપી સામે આક્ષેપાયેલા ગુન્હાઓ યોગ્ય પુરાવો રજુ કરીને નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની થાય છે. આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી.આ કામના આરોપી સામે ઉપરોકત મુજબના શિક્ષાને પાત્ર એવા ગુન્હાનો આક્ષેપ છે. જે માટે ફરીયાદપક્ષે નીચે મુજબના સાહેદોનો પુરાવો રજુ કરેલ છે.

(૯)....ફરીયાદપક્ષે આ કામે પંચ સાહેદ ઘનશ્યામભાઈ મનસુખલાલ ઠકકરને આંક–૦૮ થી તેમજ પંચ સાહેદ બલરામભાઈ કેસાભાઈ ઠાકોરને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસેલા છે.આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં તેઓએ આ સહી કયારે કરેલી અને શા બાબતે કરેલી તે યાદ નથી. પોલીસે તેઓની રૂબરૂ કોઈ ઈસમની અટક કરેલ હોય કે કોઈ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નહી.આ પંચ સાહેદ પંચનામા ની હકીકતને સમર્થન આપતા ન હોઈ,ફરીયાદપક્ષ ધ્વારા સાહેદને ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગીમાંગતા ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૫૪ મુજબ પરવાનગી આપવામાં આવેલ તેમાં પણ સાહેદ ફરીયાદપક્ષને સમર્થનરુપ હકીકત જણાવવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૦)... ફરીયાદપક્ષે આ કામના આંક– ૧૧ થી ફરીયાદી જયંતીભાઈ પ્રતાપજીનાઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા. ૩૦/૦૩/૨૦૨૫ ના રોજ પો.સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન બાતમી મળેલ કે વજાપુર જુના ગામે સીમ પાસે સીમમાં રહેતા બલાજી ધારશીજી ઠાકોર પોતાના ખેતરમાં બનાવેલ રહેણાંકના ઘરે દેશી દારૂ રાખી વેચાણ કરે છે જે આધારે નજીકમાંથી બે પંચો બોલાવી પંચોના માણસો રૂબરૂ તેના ઘરની તપાસ કરતા કોઈ ઈસમ હાજર મળી આવેલ નહી અને તેના ઘરની ગેલેરીમાંથી ૧ દેગડુ મળી આવેલ. સદર દેગડાની અંદર જોતા દેશી દારૂ ગાળવાનો વોશ કુલ લીટર ૨૦ કુલ કિ.રૂા.૫૦૦ મળી આવેલ જે પંચનામાની વીગત કબજે કરેલ જે સદર પ્રોહી મુ.માલ માંથી જરૂરી સેમ્પલ પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલ અને ધોરણસરની ફરીયાદ અ.હે.કો જયેશભાઈ મોહનભાઈનાઓએ આપેલ. તેઓને આ કામે ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે. જે જોઈને કહે છે. કે તેમાં તેઓની સહી છે. તેઓ ઓળખે છે. જે ફરીયાદની નકલને આરોપી પક્ષે આંકે પાંડવા સામે વાંધો ન હોઈ રજુ દાખલ આંક–૧૨ આપવામાં આવે છે. ત્યારબાદ તે ગુનાની તપાસ તેઓને મળેલી. જે ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધેલા ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું આરોપીને અટક કરેલોપ અને પુરતો પુરાવો હોય આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલું

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં એ વાત કબુલ રાખેલ છે કે બનાવવાળી જગ્યાએ જાહેર જગ્યા છે. એ વાત કબુલ રાખેલ નથી કે તેઓએ ફરીયાદમાં પંચોના નામ જણાવેલા નથી. એ વાત કબુલ રાખેલ નથી કે પંચોની તૈયાર પંચનામામાં સહીઓ લીધેલીઉઝુંબેશના ભાગરૂપે અમારે આવા કેસો કરવાના હોય છે. એ વાત કબુલ રાખેલ નથી કે સાહેદોના નીવેદનો ત.ક.અ એ જાતે લખી લીધેલા. એ વાત કબુલ રાખેલ છે કે આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લેવામાં આવેલ નથી.

(૧૧)....આમ,આ કેસની એકંદરે હકીકત તેમજ નવા સુધારેલા કાયદાના આવશ્યક તત્વો સાથે મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાનમાં લેવામાં આવે તો ફરીયાદપક્ષે પંચ સાહેદ સિવાય કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદનો લીધેલા નથી અને પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. જે સંજોગોમાં સદરહુ કેસમાં મુદામાલ સ્થળ પરથી પકડાયેલ હોવાની હકીકત બનાવ વખતે હાજર રહેલ પંચ સાહેદની જુબાનીથી પુરવાર થતું નથી.આમ પંચ સાહેદ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપેલ ન હોય ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું જણાતું હોઈ હાલના આરોપીને સદરહુ ગુના સાથે સાંકળી શકાય તેમ જણાઈ આવતું નથી. વધુમાં અન્ય સાહેદ પોલીસ સાહેદ છે અને તેઓએ જે કામગીરી કરેલ છે તે મુજબની હકીકત જણાવેલ છે તેમના પુરાવાને અન્ય સ્વતંત્ર સાહેદના પુરાવાનું સમર્થન મળતું નથી.

(૧૨)...ફોજદારી ધારાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષે પોતાનો કેસ પોતાના પુરાવાથી સાબીત કરવાનો રહે છે અને ફરીયાદપક્ષ જો પોતાનો કેસ સાબીત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીને

મળે અને અગાઉ ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો આરોપીને હાલના ગુના કામે સાંકળી શકાય તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય તેવા સંજોગોમાં મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદા નં.૨ અંગે છેવટનો આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

૧. આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૭૧(૧) હેઠળ ગુજરાત પ્રોહી. એકટ સુધારા અધિનીયમ ૨૦૧૬ ની કલમ-૬૫ એફ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૮૧(૧) મુજબ આરોપીએ રૂા.૫,૦૦૦/- (અંકે રુપિયા પાંચ હજાર પુરા) લેખેના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. અપીલ સમય વિત્યા બાદ મુદામાલ અંગે નિયમ મુજબની કાર્યવાહી કરી નાશ/નિકાલ કરવો.

ઉપરોકત હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૬/૦૬/૨૦૨૬.
ભાભર

**(એ.કે.સોમાણી)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.)
ભાભર.
(કોડ નં.જીજે૦૧૬૯૦)